# લો...બોલો...મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકી પાસે હંગામી પતંગ સ્ટોલ પર ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હતું

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લામાં ચાઈનીઝ દોરી અને તુક્કલ પર પ્રતિબંધ હોવા છતાં ધૂમ વેચાણ થઈ રહ્યું છે. પોલીસ એકલ દોકલ કેસ કરી ખાનાપૂર્તિ કામગીરી કરી રહી છે. મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકીને અડીને પતંગ-દોરીના હંગામી સ્ટોલ પર ચાઈનીઝ દોરીનું ધૂમ વેચાણ થતું હોવાની બાતમી એસઓજી પોલીસને મળતા એસઓજી પોલીસે ત્રાટકી ચાઈનીઝ દોરીની ૧૧૦ ફીરીકી સાથે હંગામી સ્ટોલ ધારકની અટકાયત કરી જાહેરનામાં ભંગનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ચાર રસ્તા પોલીસ ચોકીની નજીક ચાઈનીઝ દોરીના વેચાણનો પર્દાફાશ કરતા ટાઉન પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે.

અરવલ્લી એસઓજી ઈન્ચાર્જ પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે મોડાસા ચાર રસ્તા નજીક હંગામી સ્ટોલમાં બાતમીના આધારે રેડ કરી સ્ટોલની નીચે સંતાડી રાખેલ ચાઈનીઝ દોરીની ૧૧૦ ફીરકી કીં. રૂ. ૩૩૦૦૦નો જથ્થો જપ્ત કરી હંગામી સ્ટોલ ધારક સંજય રજાજી ચૌહાણ (રહે, સાયરા-મોડાસા)ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



જીલ્લામાં કેટલાક પતંગ દોરીના વેપારીઓને જાણે તંત્રનો ડર જ ના હોય તેમ તંત્રના જાહેરનામાના લીરેલીરા ઉડાડતા હોય તેમ ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હોવાથી આવા વેપારીઓ સામે જીલ્લા પોલિસ દ્વારા મકરસક્રાંતિ તહેવાર નિમિત્તે જાહેરનામાનો ભંગ કરતા શખ્સોને ચાઈનીઝ દોરીની ફીરકીઓ સાથે ઝડપી પાડતાં ગેરકાયદેસર દોરીનું વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

# ભિલોડાના બજારમાં ઠેર-ઠેર પતંગ-દોરીની ખરીદી માટે છેલ્લી ઘડીએ પતંગરસીયાઓ ઉમટ્યા

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકા મથક ખાતે ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ પતંગ-દોરીની ખરીદી અર્થે પતંગ રસીયાઓ છેલ્લી ઘડીએ ઉમટ્યા હતા.પતંગ-દોરીનો ભાવ આસમાને પહોંચતા પતંગ રસીયાઓમાં ભારે નારાજગી જોવા મળી હતી. મોંઘવારીના વમળમાં વચ્ચે પતંગ રસીયાઓ ભારે મુંઝવણમાં મુંકાયા હતા.ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ પતંગ-દોરીના ઠેર-ઠેર સ્ટોલ પર પતંગ રસીયાઓની ભીડ જોવા મળી હતી.ભિલોડામાં ઠેર-ઠેર પતંગ-દોરીના સ્ટોલ ધારકોમાં મહદ્ અંશે વધારો જોવા મળ્યો હતો.હાર્દસમા બજાર વિસ્તારમાં ઠેર-ઠેર પતંગ-દોરીના હંગામી સ્ટોલ વેપારીઓએ આડેધડ ઉભા કરતા ટ્રાફીકની ભયંકર સમસ્યા સર્જાઈ પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.પતંગ રસીયાઓ ઉત્તરાયણ પર્વની ધામધુમ પુર્વક ઉજવણી કરવા અવનવા રંગબેરંગી પતંગો અને દોરીની ખરીદી અર્થે બજારોમાં ઉમટ્યા હતા.પતંગ-દોરીના હોલસેલ-રીટેલ સ્ટોલ ધારકોના જણાવ્યા મુજબ પતંગ-દોરીના વ્યવસાયમાં આ વર્ષે એકદંરે સારી ઘરાકીનો માહોલ જોવા મળી હતી.

ઉત્તરાયણના પર્વ નિમિત્તે દાન-પુણ્યનો વિશેષ મહિમા હોવાના કારણે ચીકી, કચરીયું, ઉંધીયુ, જલેબી, ફાફડા સહિત અવનવી વેરાયટીઓની પણ ધુમ ઘરાકી બજારોમાં જોવા મળતી હતી.



તા.૧૪મી જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ નિમિત્તે દાન પુણ્યનું અનેરૂ મહત્વ હોઈ ઉત્તરાયણ એટલે પુણ્યનું પર્વ ગણાય છે.ઉત્તરાયણને આપણી સંસ્કૃતિનું પરંપરાગત પર્વ ગણવામાં આવે છે.પુણ્યદાન કરવા માટે ઉત્તમ દિવસ એટલે ઉત્તરાયણ ગરીબો,બ્રાહ્મણો,ગાય અને પશુ-પક્ષીઓને દાન કરવાનો અનેરો મહિમા શાસ્ત્રોમાં વર્ણવ્યો છે.શ્વાનને લાડુ અને પક્ષીઓને જાર ઉત્તરાયણ નિમિત્તે ખવડાવવાની વર્ષો જુની પરંપરા છે.

પતંગના બજારોમાં છેલ્લી ઘડીએ ખરીદીનો ધમધામાટ :- ઉત્તરાયણના આગમનના પુર્વે બજારોમાં પતંગ રસીયાઓની ચહલપહલ જોવા મળી હતી. આકર્ષણ ધરાવતા રંગબેરંગી પતંગો અને ધારદાર પીવડાવેલી દોરીની પસંદગી માટે પતંગ રસીયાઓ ખરીદી અર્થે ઉમટ્યા હતા.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઉંધીયું, જલેબીના ભાવોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. લીલા શાકભાજીના ભાવોમાં તોતીંગ વધારો થવાના કારણે ઉંધીયાના શોખીન સ્વાદ રસીયાઓનો સ્વાદ મોંઘો બની રહ્યો છે.

# પાલનપુર આકેસણ ફાટક પાસે માર્ગનું કામ શરૂ થતા છ દિવસ ફાટક બંધ : રહીશો પરેશાન

## પચ્ચીસ સોસાયટીના રહીશો બે કિલો મિટરના અંતરે આવેલ નેળીયામાંથી પસાર થઇ રહ્યા છે

રેલ્વે વિભાગ દ્વારા પાલનપુર આકેસણ ફાટક પાસે રોડ બનાવવાનું કામ ચાલી રહ્યુ છે.જેના કારણે ફાટક બંધ કરવામાં આવતા રહીશોને અવર-જવર કરવુ મુશ્કેલ બન્યુ છે. તેમજ આકેસણ રોડ ઉપર આવેલી પચ્ચીસ સોસાયટીઓ પૈકી ત્રણ સોસાયટીઓને બંન્ને બાજુ અવર-જવરનો માર્ગ હોવા છતાં તે ત્રણ સોસાયટીના રહીશોએ પોતાનો સોસાયટીનો ગેટ બંધ કરી દેતા અન્ય સોસાયટીના રહીશોને ભારે હાલકીનો સામનો કરવો પડી રહ્યો છે.



રેલ્વે વિભાગ દ્વારા રેલ્વેની નવી લાઈનો નું કામ પુર જોશમાં ચાલી રહ્યું છે.જેના પગલે પાલનપુર આકેસણ ફાટક પાસે આવેલ માર્ગ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેના ભાગ રૂપે રેલ્વે વિભાગ દ્વારા મંજુરી લઈ ફાટક છ દિવસ માટે બંધ કરી કામગીરી કરવામાં આવી રહી છે. પાલનપુર આકેસણ રોડ ઉપર પચ્ચીસ સોસાયટીઓ આવેલી છે. જે પૈકીની ત્રણ સોસાયટીને બંન્ને સાઈડ અવર-જવરનો માર્ગ હોવા છતા રેલ્વેની કામગીરી દરમિયાન ત્રણ સોસાયટીના રહીશો દ્વારા પોતાના મુખ્ય ગેટ બંધ કરી દેતા અન્ય સોસાયટીના રહીશોને બે કિલો મીટરનું અંતર કાપી હાઈવે પર આવવુ પડે છે. તો તંત્ર દ્વારા કોઈ વૈકલ્પીક વ્યવસ્થા કરાવવામાં આવે તેવી રહીશોની માંગ ઉઠી છે.

આ અંગે રેલ્વે વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે, રેલ્વેની નવી લાઈનના પગલે આકેસણ ફાટક પાસે ૨૫ મિટરનો રોડ બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. જે તા.૮ થી ૧૪ સુધી કુલ છ દિવસ ચાલશે પરંતુ બને તેટલુ ઝડપથી કામગીરી પૂર્ણ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

# પાલનપુર ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી

પાલનપુર ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર શહેર ના દિલ્હીગેટ વિસ્તારમાં આવેલ સ્વામીજીની પ્રતિમા ઉપર સ્વામી વિવેકાનંદ કેન્દ્રના આગેવાનો તેમજ કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી પ્રતિમાને ફુલહાર ચડાવી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ કેન્દ્રના કન્વીનર ગણપતભાઈ જોષી,જીલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ વાઘેલા, શહેર ભાજપ પ્રમુખ દિનેશભાઈ પટેલ,અશ્વિનભાઈ પરમાર ,પૂર્વ પાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢીયાર,યુવા અગ્રણી સાગર જાની સહિત યુવાનો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



આ ઉપરાંત ભારત વિકાસ પરિષદ પાલનપુર શાખા તેમજ પ્રેરણા મિત્ર વર્તુળ પાલનપુર દવારા પણ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.સ્વામી વિવેકાનંદ ની પ્રતિમા ને ફુલહાર કરી ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

પાલનપુર શહેર કોંગ્રેસ સમિતિ દવારા પણ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી નાં ભાગરૂપે વિવેકાનંદ ની પ્રતિમા ને ફુલહાર અર્પણ કરી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

# પાલનપુરમાં વ્યવસાય વેરો ન ભરનાર વાસણની દુકાન સીલ કરાઈ

પાલનપુર નગરપાલિકા દ્વારા સોમવારે વ્યવસાય વેરો ન ભરનાર એક દુકાનને સીલ કરવામાં આવતા અન્ય વેપારીઓ માં ફફડાટ પ્રસરી ગયો છે.

પાલનપુર નગરપાલિકાના નગરસેવકોની પાંચ વર્ષની સમય મર્યાદા પુરી થતા પાલિકાનો તમામ વહીવટ ચીફ ઓફીસરને સોપવામાં આવ્યો છે. જેના પગલે પાલિકાના ચિફ ઓફીસર સતિષ પટેલની સુચનાથી વ્યવસાય વેરા અધિકારી કમલેશભાઈ દ્રીવેદી દ્વારા વ્યવસાય વેરો ન ભરતા હોય તેવા ૬૦ ઉપરાંતના રીઢા બાકીદારોને નોટીસ ફટકારવામાં આવી હતી.

જેમાં પાલિકાની ટીમ દ્વારા પાલનપુર દિલ્હીગેટ વિસ્તારમાં આવેલ કૈલાશ વાસણ ભંડારની ૬૫ હજાર ઉપરાંતના બાકી લેણાને લઈ પાલિકાની ટીમ દ્વારા દુકાન ખુલે તે પહેલા જ સીલ મારવામાં આવતા અન્ય બાકીદારોમાં ફફડાટ પ્રસરી ગયો છે. તેમજ આગામી દિવસોમાં આ કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર હોવાનું પાલિકાના સુત્રોએ જણાવ્યુ હતુ.



# દિયોદરની ગોદા કેનાલમાંથી કોથળામાં બાંધેલી મહિલાનો મૃતદેહ મળ્યો

દિયોદર તાલુકાના ગોદા ગામે બપોરના સમયે કેનાલમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. મહિલાનો મૃતદેહ એક કોથળામાં બાંધેલી હાલતમાં હોઈ પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટના બાદ દિયોદર પોલીસ અને ડીવાયએસપી સહિતનો સ્ટાફ તાત્કાલિક દોડી આવ્યો છે. આ સાથે કેનાલમાંથી મહીલાનો મૃતદેહ મળ્યો હોવાની વાત વાયુવેગે પંથકમાં પ્રસરી જતાં લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. પ્રાથમિક તપાસમાં મૃતક મહિલા કાંકરેજ પંથકની હોવાનું સામે આવ્યા બાદ પોલીસે તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ અંગે મોકલી આપી છે.

બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના ગોદા ગામ નજીકથી પસાર થતી કેનાલમાંથી મહિલાની કોથળામાં બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આજે સવારે કેનાલમાંથી કોથળામાં બાંધેલી હાલતમાં મહિલાની લાશ મળતાં સ્થાનિકો સહિત લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. જે બાદમાં તેરવાડાના એક પરિવારે મહિલાની લાશને ઓળખી બતાવતાં રોકકકળ કરી મુકી હતી. ઘટનાને લઈ ડીવાયએસપી સહિત પોલીસનો કાફડો દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મહિલાના છેલ્લા ૧૦ દિવસથી ગુમ હોવાનું સામે આવ્યુ છે.



લો ફેકલ્ટીના ડીન ડૉ. અશોક એમ. શ્રોફની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (ઈ.સી) મેમ્બર તરીકે નિમણુંક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

# મોડાસા તાલુકા કોંગ્રેસ દ્વારા ખેડૂત સંમેલન યોજાયુ

મોડાસા, તા. ૧૩

મોડાસા તાલુકા કોગ્રેસ સમિતિના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ અને મોડાસા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઈકબાલભાઈ ઈપ્રોલિયા દ્વારા ખેડૂત સંમેલન બોલાવવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના મહિલા ઉપપ્રમુખ શ્રીમતી ઉષાબેન રાઠોડ, અરવલ્લી જિલ્લા ઉપપ્રમુખ કાંતિભાઈ ખાંટ, ઓ.બી.સી. સેલના જિલ્લા ચેરમેન જગતસિંહ ઠાકોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના નિકુંજભાઈ રાઠોડ, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સેવાદલના પ્રભારી ઈન્દ્રજીતસિંહ રાઠોડ, સેવાદળના દાઉદભાઈ, માઈનોરિટીના આગેવાન લાલાભાઈ કોકરોલીયા, ડમરી, મોડાસા શહેર અનુસૂચિત જાતિના ચેરમેન અમિત મકવાણા



ખેડૂત સંમેલનની શરૂઆત વંદે માતરમ ગાયા બાદ આપણા ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્વ. માધવસિંહજી સોલંકીના અવસાનને લઈ બે મિનિટ મૌન પાળી શરૂઆત કરવામાં આવી હતી.

જેમાં અરવલ્લી જિલ્લાના પ્રભારી રામભાઈ સોલંકી, અરવલ્લી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કમલેન્દ્રસિંહજી પુવાર, મોડાસા-ધનસુરા તાલુકા મતવિસ્તારના ધારાસભ્ય રાજેન્દ્રસિંહજી ઠાકોર, અરવલ્લી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ જયદત્તસિંહજી પુવાર, ઉપાધ્યક્ષ નારાયણભાઈ રાઠોડ, પૂર્વ પ્રદેશ મંત્રીઓ નારણભાઈ પટેલ તથા અરૂણભાઈ પટેલ, નવા વરાયેલા ગુજરાત પ્રદેશ માઈનોરિટી સેલના વાઈસ કાદરઅલી સૈયદ, અરવલ્લી જિલ્લા સેવાદળના પ્રમુખ જલદીપભાઈ પટેલ, પૂર્વ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન રેવાભાઈ ભાંભી, અગમ ફાઉન્ડેશનના પ્રમુખ હેતાલબેન પંડ્યા, મોડાસા કોર્પોરેટર કલાબેન ભાવસાર, અરવલ્લી જિલ્લા અનુસૂચિત જાતિના ચેરમેન તથા તાલુકાના ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ કાળા ખેડૂત વિરોધી અધ્યાદેશના વિરોધમાં વિવિધ અગ્રણીઓ દ્વારા કડક શબ્દોમાં વિરોધ કરી ખેડૂત આંદોલનને સમર્થન આપ્યું હતું. તે સાથોસાથ આવનાર ટુંક યોજાનાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ બાબતે જીતના સમીકરણોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન કરી સંમેલનનું વિસર્જન કરવામાં આવ્યું હતું.



## વડગામમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરાઇ

વડગામ તાલુકામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વડગામ ખાતે યુવાનો દ્વારા બાઈક રેલી યોજી હતી. રેલી વડગામ શહેરના માર્ગો પર ફરી હતી. વડગામના મગરવાડા ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને ફૂલ માળા ચઢાવાઈ હતી. આ પ્રસંગે મગરવાડા માણીભદ્ર વિર મહારાજના ગાદીપતી વિજય સોમજી મહારાજ તથા વડગામ તાલુકા ભાજપ પ્રમુખ તથા જિલ્લા પંચાયત સદસ્ય અશ્વન સક્સેના ડી. વી. સોલંકી, યુવા ભાજપ પ્રમુખ કામરાજભાઈ ચોધરી, વૈભવ નાયક સહિત કાર્યકરો હાજર રહ્યા હતા.

# ધનસુરા જે. એસ. મહેતા હાઈસ્કૂલમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવાઈ

સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ પર ધનસુરા જે. એસ. મહેતા હાઈસ્કૂલમાં કાર્યક્રમ યોજાયો હતો. ૧૨ જાન્યુઆરી સ્વામિ વિવેકાનંદ જન્મ જયંતી જે "રાષ્ટ્રીય યુવા દિવસ" તરીકે પણ ઉજવાય છે. સ્વામી વિવેકાનંદ જે ઓએ પોતાની જીવનયાત્રા દરમિયાન ભારતીય સંસ્કૃતિને વિશ્વભરમાં ગૌરવ અપાવ્યું અને સંપૂર્ણ દેશ વાસીઓ માટે અને એમાંય વિશેષ તો યુવાઓના ઉત્થાન માટે પ્રેરણાદાયી સંદેશો આપ્યો હતો. સ્વામિ




વિવેકાનંદ જન્મ જયંતી પર ધનસુરા માં જે.એસ.મહેતા હાઈસ્કૂલ માં કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ધનસુરા ના અગ્રણીઓ હાજર રહ્યા હતા. ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત રહી સ્વામિ વિવેકાનંદજીના જીવનના પ્રસંગોને યાદ કરી સમગ્ર યુવાઓને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને જીવનમાં આત્મસાત કરી માનવતાની સેવા તથા રાષ્ટ્ર ઉત્થાન માટે વધુ દ્રઢ સંકલ્પિત થવા સંદેશો આપી આહવાન કરવામાં આવ્યું.



મહેમદાવાદ તાલુકા ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે મહેમદાવાદ તાલુકા યુવા મોરચા ટિમ દ્વારા વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું, આ પ્રસંગે ખેડા જિલ્લા પ્રમુખ અને મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા

# શિક્ષક સંઘ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિમાં અન્ય સંગઠનના હોદ્દેદારને દુર કરાયા

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાણક્ય ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું છે અને આયોજનના ભાગરૂપે આયોજન સમિતિની રચના કરવામાં આવી છે. ત્યારે આ સમિતિમાં અન્ય સંગઠનના હોદ્દેદાર ને સ્થાન આપવામાં આવ્યું હતું જેને લીધે તાલુકાના હોદ્દેદારો થી લઈને જિલ્લાભરના શિક્ષકોમાં અનેક તર્કવિતર્ક થવા લાગ્યા હતા.

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ૧૦મી સપ્ટેમ્બરના રોજ કરાયેલ આદેશ મુજબ જીલ્લા શિક્ષક સંઘ આયોજીત કોઈ પણ કાર્યક્રમમાં અન્ય સંગઠન ના હોદ્દેદારનો સમાવેશ થઈ શકે નહિ છતાં પણ પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન સમિતિમાં અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોના અન્ય સંગઠનના હોદ્દેદાર ને સ્થાન આપવામાં આવ્યું હતું જેને લઈને આદેશ કરનાર જ આદેશને ઘોળીને પી જઈને બેવડી નીતિ અપનાવાતા હોવાનું જિલ્લાના પ્રાથમિક શિક્ષકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો અને આવા અન્ય સંગઠનના હોદ્દેદારને ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન સમિતિમાંથી દુર કરવા અને ભવિષ્યમાં અન્ય સંઘમાંથી રાજીનામું આપી આ સંઘમાં જોડાય તો સંગઠનમાં કોઈ પણ પ્રકારના હોદ્દા ના આપવા જોઈએ તેવું શિક્ષક આલમમાં ચર્ચાઈ રહ્યું હતુ આ તમામ અહેવાલ ગાંધીનગર સમાચાર માં પ્રસિધ્ધ થતાં અહેવાલ ને પગલે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોની શાન ઠેકાણે આવી હતી.અને તાત્કાલિક ધોરણે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિમાંથી અન્ય સંઘના હોદ્દેદાર ને દુર કરવામાં આવ્યા હતા.



## પ્રાંતિજ ખાતે સ્વામિ વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

સાબરકાંઠાજિલ્લાનાં પ્રાંતિજ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સ્વામીજી અમર રહો ના નારા સાથે તેમની પ્રતિમાને ફુલહાર પહેરાવવામાં આવ્યાં હતા. પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ભાંખરીયા બસ સ્ટેશન ખાતે સ્વામી વિવેવાકાનંદની ૧૫૮મી જન્મ જયંતી નિમિત્તે પ્રાંતિજ ખાતે સ્વામીજીના બાવળાને ફુલહાર પહેરાવીને સ્વામીજી અમર રહો ના નારા સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, તાલુકા ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા સહિત ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સ્વામીજી અમર રહો ના નારા સાથે ફુલહાર પહેરાવીને ઉજવણી કરવામાં આવી હતી.